# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં બંધારણ અને દેશની લોકશાહી વ્યવસ્થાઓ પર પુનઃવિશ્વાસ કરવા બદલ દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો છે. આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા "મન કી બાત" કાર્યક્રમના માધ્યમથી રાષ્ટ્રને સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ અનેક વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા.

શ્રી મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસ પર આ વર્ષે શરૂ કરાયેલ વિશેષ ઝુંબેશ 'એક વૃક્ષ માતાને નામ'નો ઉલ્લેખ કર્યો. તેમણે લોકોને અપીલ કરી કે તેઓ પોતાની માતા સાથે મળીને અથવા તેમની સમૃતિમાં એક વૃક્ષ વાવે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમૃત મહોત્સવ દરમિયાન દેશભરમાં 60 હજારથી વધારે અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે..

તેમણે આગામી મહિને યોજાનારી ભગવાન જગન્નાથની રથયાત્રાનો પણ ઉલ્લેખ કર્યો હતો.. તેમણે કહ્યું હતું કે, ભગવાન જગન્નાથની કૃપા દેશવાસીઓ ઉપર સતત વરસતી રહે.. ખાસ કરીને તેમણે કચ્છીઓના નવા વર્ષ અષાઢી બીજના પાવન દિવસને પણ યાદ કરીને કચ્છના લોકોને નવા વર્ષની અગાઉથી જ શુભકામના પાઠવી હતી..

## (બાઇટ-પ્રધાનમંત્રી)

પ્રધાનમંત્રીએ આકાશવાણીના સંસ્કૃત બુલેટિનને પ્રસારણના 50 વર્ષ પૂર્ણ થવા બદલ આકાશવાણી પરિવારને શુભેચ્છા પાઠવી હતી...

## (બાઈટ- પ્રધાનમંત્રી)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજના 30 જૂનના દિવસને "હૂલ દિવસ" તરીકે ઉજવવામાં આવતો હોવાથી આજનો દિવસ ઘણો મહત્વનો છે. વધુમાં શ્રી

મોદીએ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણીનો ઉલ્લેખ પણ કર્યો.

પ્રધાનમંત્રીએ આવતા મહિનાથી શરૂ થનારા પેરિસ ઑલિમ્પિક અંગે વાત કરતાં ઓલિમ્પિક રમતો માટે ભારતીય દળને શુભેચ્છા પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય રેડિયો પર હિન્દીમાં એક વિશેષ કાર્યક્રમ શરૂ કરવા બદલ  કુવૈત સરકારનો આભાર માન્યો હતો.

શ્રી મોદીએ મની કી બાત કાર્યક્રમ દ્વારા લોકો સાથે ફરી જોડાવવા બદલ આનંદ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે મન કી બાત કાર્યક્રમ દ્વારા ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ, ઇતિહાસ અને વિકસીત ભારતની દિશામાં થઈ રહેલા પ્રયાસોની ચર્ચા થતી રહેશે.

# RAIN OVERALL

રાજ્યમાં હાલ વાદળછાયા વાતાવરણ વચ્ચે કેટલાક વિસ્તારમાં ધીમીધારે તો કેટલાક વિસ્તારમાં વરસાદી માહોલ યથાવત છે.

અમદાવાદમાં પણ આજે સવારથી જ ભારે વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે માર્ગો ઉપર પાણી ભરાઇ ગયા હોવાના અહેવાલ છે.

ગાંધીનગર જિલ્લામાં વરસી રહેલા વરસાદના પગલે પંચાયત હસ્તકના 6 રસ્તાઓ સહિત 8 રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે. ઉપરાંત રાજકોટ અને પોરબંદર જિલ્લામાં 2-2 રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે. તો અમરેલી,સુરેન્દ્રનગર,ભાવનગર અને છોટા ઉદેપુર માં 1-1 રસ્તાઓ વરસાદ ના પગલે બંધ થયાના અહેવાલ છે.

અમારા દેવભૂમિ દ્વારકાના પ્રતિનિધિ કરણ જોશી જણાવે છે કે, દ્વારકામાં વરસાદનું પ્રમાણ વધ્યું છે.

કચ્છના ભુજ અને મુન્દ્રામાં ધોધમાર વરસાદના કારણે ભુજ-નખત્રાણા હાઇવે પર પાણી ભરાઈ ગયા છે.

તાપી જિલ્લાના વ્યારા, વાલોડ, સોનગઢ, ડોલવણ તાલુકામાં વરસાદી માહોલ છે. વ્યારા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ વરસતા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છે. ઉકાઈ ડેમમાં પાણીનું સ્તર 305.64 ફૂટ પહોંચ્યું છે.

અરવલ્લીના સજ્જનપુરા કંપા, ગોવિંદપુર કંપા, વણઝારીયામાં ખેડૂતોને ખેતીલાયક વરસાદથી ખુશી થઈ છે..

સમગ્ર ડાંગ જિલ્લામાં આજે સવારથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. આહવા, વઘઈ, સુબીર અને સાપુતારામાં વરસાદી માહોલ જામ્યો છે. ગિરિમથક સાપુતારામાં રવિવાર હોવાથી પ્રવાસીઓ ઉમટી પડ્યા છે અને ઝરમર વરસાદની હેલીમાં આનંદ માણી રહ્યા છે.

વલસાડ જિલ્લામાં સૌથી વધુ વાપીમાં સાડા 4 ઇંચ વરસાદ નોંધાયો છે. તો વલસાડ તાલુકામાં સાડા ત્રણ તથા ધરમપુર તાલુકામાં 2 ઇંચ વરસાદ નોંધાયો હતો.

# SURAT RAIN

દક્ષિણ ગુજરાતમાં હવામાન ખાતાએ વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે ત્યારે  બારડોલી અતિભારે વરસાદ વરસી રહ્યો છે.. અતિભારે વરસાદને કારણે બારડોલીમાં સોસાયટીઓમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે.. જ્યારે માંડવીમાં વરસાદને પગલે કોઝ-વે પરથી પાણી ફરી વળતા અવરજવર માટે બંધ કરાતા મુંજલાવ ગામનો સંપર્ક કપાયો હતો.. જૂની કિંકવાડના ગાભણ જતા માર્ગ પર

આવેલ ચિક ખાડીનો બ્રિજ પાણીમાં ગરકાવ થતા જૂની કિંકવાડ, ઉતારા, વધાવા, ગામો સંપર્ક વિહોણા થવા પામ્યા છે...